# થાનગઢમાં ૩ દલિત યુવાનના ખૂન બાબતે ૨૬મીએ ધરણાનો કાર્યક્રમ યોજાશ

ગાંધીનગર, તા. ૨૪

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે તાજેતરમાં ત્રણ દલિત યુવાનના પોલીસ દ્વારા જે ખૂન કરવામાં આવ્યા છે તે ઘટનાને ગાંધીનગર શહેરના સમગ્ર દલિત સમાજ અને ગાંધીનગર શહેર કોંગ્રેસ એસ.સી. ડિપાર્ટમેન્ટે સખત શબ્દોમાં વખોડી કાઢી છે. આ ઘટનાના વિરોધમાં તા. ૨૬મી સપ્ટેમ્બર-૨૦૧૨ના બપોરે ૧ કલાકે પથિકાશ્રમ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ગાંધીનગર પથિકાશ્રમ સત્યાગ્રહ છાવણી ખાતે સમગ્ર દલિત સમાજનો ધરણાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા કોંગ્રેસના આગેવાનો ચિમનભાઈ વિંઝુડા, મગનભાઈ પરમાર, રમેશભાઈ પરમાર, અશોકભાઈ શ્રીમાળી, મીનાબેન વાઘેલાએ ખાસ અનુરોધ કર્યો છે.

# આજે મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થાના નવા મકાનનું ભૂમિપૂજન યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા મણીનગરના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, મણીનગર-વસ્ત્રાલ ખાતે આજે તા. ૨૫મી સપ્ટેમ્બરનો મંગળવારે સાંજે ૫ કલાકે મહિલા આઈ.ટી.આઈ.ના નવા મકાનનું ભૂમિપૂજનનો કાર્યક્રમ યોજાશે.

આઈ.ટી.આઈ.ના નવા મકાનના ભૂમિપૂજનમાં અધ્યક્ષસ્થાને મંત્રી વજુભાઈ વાળા ખાસ હાજર રહેશે. સદર કાર્યક્રમ સ્થાનિક પદાધિકારીઓ તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સંપન્ન થશે. આચાર્યએ આ પ્રસંગે જણાવ્યું છે કે, અંદાજીત ૭ કરોડના ખર્ચે તૈયાર થનાર આ બિલ્ડીંગ તાલીમની તમામ સુવિધાઓથી સુસજ્જ હશે.

# આજે બી.વી.એમ. એલ્યુમીની એસોસિએશનની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૪


બી.વી.એમ. એલ્યુમીની એસોસિએશનના ખજાનચી વિજય તલાટીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, એસોસિએશનના સભ્યોની બેઠક આજે તા. ૨૫મી સપ્ટેમ્બર-૨૦૧૨ને મંગળવારે વિશ્રામગૃહ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે સાંજે ૬.૩૦ કલાકે મળશે. બેઠકમાં ગાંધીનગર અમદાવાદના તમામ સભ્યોને હાજર રહેવા ખાસ જણાવાયું છે.

# પાટનગરમાં બાઈક પર ડબલ સવારી ફરતા ચેઈનસ્નેચરોનો ભારે આતંક

## સે. ૨માં મહિલાના ગળામાંથી દોઢ તોલા વજનનો દોરો ખેંચાયો : ખ-૭ સર્કલે તફડંચીનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં બાઈક પર ડબલ સવારી આવીને તફડંચી કરતાં શખ્સોના તરખાટથી શહેરીજનોમાં ખૌફ ફેલાઈ જવા પામ્યો છે. ગઈકાલે મોડી સાંજે પણ પાટનગરમાં આવા બે કિસ્સાઓ બનતા ચકચાર મચી જવા પામી છે. સેક્ટર-૨માં રહેતી મહિલા શોપીંગથી ઘરે જઈ રહી હતી તે દરમ્યાન દોઢ તોલાનો દોરો આંચકી ચેઈન સ્નેચરો રફુચક્કર થઈ ગયા હતા અને ખ-૭ સર્કલ પાસે પણ થોડા સમયગાળા બાદ ચેઈન સ્નેચીંગનો પ્રયાસ થયો હતો. શહેરના સેક્ટર-૨-ડી પ્લોટ નં. ૧૪૩૫ ખાતે રહેતા કુંદનબેન કાળીદાસ વાળા ગઈકાલે સાંજના સુમારે સોપીંગ સેન્ટરે ગયા હતા. શોપીંગથી ઘરે પરત ફરી રહ્યા હતા તે દરમ્યાન બાઈક પર બે શખ્સો તેમની નજીક આવ્યા હતા અને ગળે હાથ મારીને પહેરેલો સોનાનો દોઢ તોલા વજનનો આશરે ૩૦ હજારની કિંમતનો સોનાનો દોરો તફડાવી લીધો હતો. મહિલાએ બુમાબુમ કરતાં આસપાસના રહીશો બનાવવાળી જગ્યાએ દોડી આવ્યા હતા. પરંતુ તેટલા સમયમાં બાઈક પર આવેલા ચેઈન સ્નેચરો છુમંતર થઈ ગયા હતા. કુંદનબેનની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ચેઈન સ્નેચીંગનો ગુનો નોંધી પી.એસ.આઈ. પી.એસ. રાઠોડે સઘન તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ ઉપરોક્ત ઘટના બની તેના અડધા કલાક બાદ શહેરનાં ખ-૭ સર્કલ પાસેથી પસાર થતી એક મહિલાના ગળામાંથી દોરો ખેંચીને તફડંચીનો પ્રયાસ થવા પામ્યો હતો. જો કે આ બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી પરંતુ મહિલાએ ચેઈન પકડી રાખીને બુમાબુમ કરતાં પકડાઈ જવાના ડરથી ચેઈનસ્નેચરો ચેઈન આંચક્યા વિના જ રફુચક્કર થઈ ગયા હતા.



બી.એસ.એફ.ના જવાનો તેમજ તેમના પરિવારજનો માટે દૃષ્ટિ ચકાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં અમદાવાદના આઈ સ્પેશ્યાલીસ્ટ ડૉ. શશાંક રાઠોડ તેમજ ડૉ. પાંડુરંગ તિકમની ટીમે ૨૦૦ વ્યક્તિઓની દૃષ્ટિ ચકાસી હતી.

# ગુજરાત બૌદ્ધ મહાસંઘના પ્રમુખ પદે રમેશભાઈ બેન્કરની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત ધમ્મ સોસાયટીની મિલીન્દભાઈ પ્રિયદર્શીના અધ્યક્ષ સ્થાને સભા યોજાઈ હતી.

ધી બુદ્ધિસ્ટ સોસાયટી ઑફ ઈન્ડિયાના પૂ. ભન્તે આનંદ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બૌદ્ધ સંસ્થાના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બૌદ્ધ ધર્મના સર્વાંગી વિકાસ અંગે ચર્ચા થઈ હતી. ગુજરાત બૌદ્ધ મહાસંઘની રચના કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું. કારોબારી, સામાન્ય સભાની જોગવાઈ કરવામાં આવી હતી. મહાસંઘના પ્રમુખ તરીકે રમેશભાઈ બેન્કર, મહામંત્રી તુષાર સંબોધિની વરણી કરવામાં આવી હતી.

મુખ્ય ઉદેશ્ય સેવાકીય પ્રવૃતિઓ, બૌદ્ધ ધર્મનો પ્રચાર, ડૉ. બાબાસાહેબ આંબેડકર સમાજ વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવશે.

# ગાંધીનગર જિલ્લા રેશનાલીસ્ટ એસોસિએશન દ્વારા મનોચિકિત્સક ડૉ. રાજેન્દ્ર આનંદનું વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૪

આધુનિક જગતમાં પણ કેટલાક લોકો નાની-મોટી પરેશાનીઓમાં સપડાય ત્યારે અંધશ્રદ્ધા અને દોરા-ધાગામાં અટવાઈને માનસિક પીડા અનુભવતા હોય છે. રેશનલ સમાજ ગાંધીનગરમાં ડૉ. રાજેન્દ્ર આનંદનું 'માનસિક રોગો અને તેના વૈજ્ઞાનિક ઉપાયો' વિષય ઉપર તાજેતરમાં વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

અનોવિજ્ઞાન જગતમાં લોકો તણાવયુક્ત જીવન શૈલીને લીધે જુદા જુદા પ્રકારના મનોરોગોમાં સપડાતા હોય છે. ડિપ્રેશન-વાઈ હિસ્ટીરીયા, જુદા જુદા સિન્ડ્રોમ-ધૂણવું વગેરે વિષય ઉપર પ્રકાશ પાડી ડૉ. રોજન્દ્ર આનંદે ઉપસ્થિત પ્રેક્ષકગણને તેના વૈજ્ઞાનિક ઉપાયો કરી તબીબી સારવાર લેવાનો અનુરોધ કર્યો હતો. અંધશ્રદ્ધા અને વહેમોમાંથી બહાર નીકળી સ્વસ્થ અને તંદુરસ્ત સમાજના નિર્માણ માટે હાંકલ કરી હતી. સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ સંસ્થાનો પરિચય આપી તેના સભ્ય બની અંધશ્રદ્ધા મુક્ત રેશનલ સમાજનું નિર્માણ કરવા અનુરોધ કર્યો હતો. ઉપપ્રમુખ અનિલભાઈ પટેલે પણ આ પ્રસંગે તંદુરસ્ત સમાજના નિર્માણનો આગ્રહ વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમના અંતે સંસ્થાના મંત્રી પંકજભાઈ પટેલે ઉપસ્થિત સર્વે શ્રોતાગણ અને વક્તા ડૉ. રાજેન્દ્ર આનંદનો હૃદયસ્પર્શી આભાર વ્યક્ત કર્યો હતો.

# ગાંધીનગરનું ગૌરવ વધારતા તરણવીર પોલીસ જવાન

ગાંધીનગર, તા. ૨૪



ગાંધીનગર જિલ્લા ટ્રાફિક શાખામાં અ-હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અશોકકુમાર રાઠોડે તાજેતરમાં ગુજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયેલી ત્રીજી માસ્ટર સ્વીમીંગ સ્પર્ધામાં ૫૦ મી. બેક સ્ટોકમાં અને ૫૦ મી. બટર ફ્લાયમાં પ્રથમ નંબર મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

રાજ્યકક્ષાની સ્વીમીંગ સ્પર્ધામાં અશોકકુમાર રાઠોડે ૫૦ મી. બેકસ્ટોકમાં પ્રથમ, ૫૦ મી. બટર ફ્લાયમાં પ્રથમ, ૧૦૦ મી. બેક સ્ટોકમાં દ્વિતીય, ૨૦૦ મી. આઈ.એમ.માં દ્વિતીય, ૪x૫૦ મીડ લે રીલેમાં દ્વિતીય, ૪x૫૦ ફ્રી સ્ટાઈલ રીલેમાં પ્રથમ નંબર મેળવ્યો હતો. આગામી ૨૭મી ઓક્ટોબરથી ૩૦ મી ઓક્ટોબર સુધી યોજાનાર ૯મી ઓલ ઈન્ડિયા માસ્ટર સ્વીમાંગ સ્પર્ધામાં ભોપાલ ખાતે તેઓ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. ગાંધીનગર ખાતે તેમની સ્વીમીંગ સિદ્ધિને બિરદાવવા એન.એસ.યુ.આઈ. યુથ કોંગ્રેસ દ્વારા રાજધાની રત્ન એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

# એન્ટી રોમિયો સ્કવોડમાં મહિલા પી.એસ.આઈ.નો સમાવેશ

## કોલેજ બહાર ખાનગી વેશમાં ઉભા રહી મહિલા પીએસઆઈ રોમિયોગીરી કરતાં તત્વોને શબક શિખવાડશે

ગાંધીનગર, તા. ૨૪

પાટનગરની શાળા-કોલેજો બહાર કેટલાક અસામાજીક તત્વો વિદ્યાર્થીઓને છેડતી કરતાં હોવાની ફરીયાદોને પગલે થોડા સમય અગાઉ ગાંધીનગરમાં એન્ટી રોમીયો સ્કવોર્ડ એક્ટીવ કરવામાં આવી હતી. આ સ્કવોર્ડમાં હવે મહિલા પીએસઆઈ અને બે મહિલા કોન્સ્ટેબલનો સમાવેશ કરી શાળા કોલેજો બહાર ખાનગી વેશમાં વોચ રાખવા સુચના આપી દેવાઈ છે. હવે રોમીયોગીરી કરતા શખ્સોને પકડી પકડીને એન્ટી રોમીયો સ્કવોર્ડ શબક શિખવાડશે. ગાંધીનગરની શાળા-કોલેજોની બહાર અડીંગો જમાવીને રોમીયોગીરી કરતાં શખ્સોને ડામવા તથા પકડીને સખત કાર્યવાહી કરવા માટે જિલ્લા પોલીસે એન્ટી રોમીયો સ્કવોર્ડની તાજેતરમાં રચના કરી હતી. આ સ્કવોર્ડમાં હવે એક મહિલા પી.એસ.આઈ. તથા બે મહિલા કોન્સ્ટેબલ ઉપરાંત ૩ પોલીસ કોન્સ્ટેબલ આ સ્કવોર્ડમાં કાર્યરત કરવામાં આવ્યા છે. શાળા કોલેજોની બહાર આકસ્મિક સ્કવોર્ડ ખાનગી વેશમાં આવી પહોંચશે અને અસામાજીક તત્વો પર વોચ ગોઠવી રોમીયોગીરી કરતાં શખ્સોને પકડી પાડી સખત કાર્યવાહી કરશે.

# કલોલ હાઈવે પર જાહેરમાં કોલેજીયન યુવકના અપહરણનો નિષ્ફળ પ્રયાસ

## બુમાબુમ સાંભળીને રાહદારીઓ એકઠા થઈ જતા અપહરણકારો કાર લઈને ફરાર

કલોલ, તા. ૨૪

કલોલની કોલેજમાં અભ્યાસ કરતો અમદાવાદનો યુવાન આજે બપોરના સુમારે કલોલ હાઈવે પરથી નીકળી રહ્યો હતો તે દરમ્યાન સફેદ રંગની એક લક્ઝુરીયસ કાર તેની પાસે આવી પહોંચી અને કોલેજીયન યુવકને ખેંચીને ગાડીમાં નાંખવાનો પ્રયાસ થતા યુવે બુમાબુમ કરી મુકી હતી. જો કે આસપાસથી પસાર થતા રાહદારીઓ અને રિક્ષાચાલકો આવી પહોંચતા અપહરણકારો યુવકને છોડીને કાર લઈને ફરાર થઈ ગયા હતા. મોડી સાંજ સુધી અપહરણકારના પ્રયાસ અંગે કોઈ પણ પ્રકારની ફરીયાદ પોલીસમથકે નોંધાવા પામી ન હતી.



જિલ્લાના રાંધેજા ગામમાં ગટરલાઈનની કામગીરીનો આરંભ કરવામાં આવ્યો છે. (તસવીર : દિપક જાની)

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદમાં રહેતો એક યુવાન કલોલ શહેરમાં આવેલી ટેકનીકલ કોલેજમાં અભ્યાસ કરે છે. આજે બપોરે સવા બાર વાગ્યાના અરસામાં આ કોલેજીયન યુવાન કલોલ-મહેસાણા હાઈવે પર બસ સ્ટેન્ડ નજીક પહોંચ્યો હતો ત્યારે એક સફેદ રંગની કાર તેની પાસે આવી હતી અને જબરદસ્તી તેને પકડીને ગાડીમાં ખેંચી લાવવાનો કેટલાક શખ્સો પ્રયત્ન કરી રહ્યા હતા. અપહરણકારોથી બચવા માટે કોલેજીયન યુવાને બુમાબુમ શરૂ કરી દેતા આસપાસના રિક્ષાચાલકો અને રાહદારીઓ દોડી આવ્યા હતા. ટોળાને આવતુ જોઈને અપહરણકારો કોલેજીયન યુવાનને પડતો મુકીને કારમાં બેસી સડસડાટ ભાગી ગયા હતા. કોલેજીયન યુવાનનું કેટલાક શખ્સો શા માટે અપહરણ કરવા આવ્યા હતા અને કોણ હતા ? તે તમામ બાબતો તપાસનો વિષય છે. આ સંદર્ભે હજુ સુધી કોઈ પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી. કલોલ શહેર પોલીસને આ સંદર્ભે જાણ કરવામાં આવતાં પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી.

# 'OJAS' વેબસાઈટ છેલ્લા પાંચ દિવસ હેંગ થતા ઓનલાઈન ઉમેદવારી કરતા ઉમેદવારો પરેશાન

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત સરકાર દ્વારા હાલ જુદા-જુદા વિભાગોમાં મહેકમ




ભરવા માટે પૂરજોશથી ભરતી પ્રક્રિયા ચાલી રહી છે અને પોસ્ટ કવર કરી પહેલા જે અરજીઓ મંગાવવામાં આવતી હતી તેના સ્થાને આધુનિક કોમ્પ્યૂટરરાઈઝ ભરતી પ્રક્રિયા હાથ ધરી તમામ પ્રક્રિયા માટે OJAS ઓનલાઈન ઝોબ એપ્લીકેશન સિસ્ટમ નામની વેબસાઈડ બનાવી છે. પરંતુ છેલ્લા પાંચ દિવસથી આ સિસ્ટમ હેંક થઈ જતાં ઓનલાઈન ફોર્મ ભરવા માંગતા ઉમેદવારો-અરજદારો ભારે ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. અને જે તે જાહેરાતના સંદર્ભે પૂર્ણ થતી અંતિમ તારીખમાં વધારો કરી આપે તેવી માંગ કરી રહ્યા છે. અને વહેલામાં વહેલી તકે આ સાઈડ પહેલાની જેમ કાર્યરત થાય તેમ ઈચ્છી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલ રાજ્યમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યની વિવિધ કચેરીમાં જરૂરીયાત મુજબ મહેકમ ભરવા માટે વિવિધ પોસ્ટો માટે લાયક ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવે છે. રાજ્યમાં અત્યારે જોરસોરમાં ભરતી પ્રક્રિયા કરવામાં આવી રહી છે. જેમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર, જી.પી.એસ.સી., તલાટી, ક્લાર્ક, કોન્સ્ટેબલ, લેબ ટેકનિસિયન, ડ્રાઈવર, કંડકટર, શિક્ષક, હિસાબનિશ વગેરે જગ્યાઓનો સમાવેશ થાય છે. આ તમામ જગ્યાઓ માટે સહકાર દ્વારા ઓનલાઈન અરજી ઓનલાઈન જોબ એપ્લીકેશન સિસ્ટમ (OJAS) નામની વેબસાઈટ પર સ્વીકારવામાં આવે છે. નવી જાહેર થયેલી કોઈપણ જાહેરાત જોવા, ફોર્મ ભરવા, કોલલેટર કાઢવા, ચલણ માટેનું ફોર્મ કાઢવા, પરિણામ જોવા, પરીક્ષાનું ટાઈમટેબલ જોવા, આ તમામ માટે OJAS નામની એક વેબસાઈટ છે. જેથી વારંવાર એક સાથે હજારો-લાખો ઉમેદવારો આ વેબસાઈટ સર્ચ કરતા વારંવાર વેબસાઈટનું સર્વર જામ થઈ જાય છે અને કમ્પ્યૂટરમાં પણ ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. ત્યારે ગત ૨૦મી સપ્ટેમ્બર પી.એસ.આઈ., ૨૨મી સપ્ટેમ્બર કોન્સ્ટેબલ અને ક્લાર્કનું પરિણામ આ વેબસાઈટ પર જાહેર થતા સંપૂર્ણ પણે વેબસાઈટ બંધ થઈ ગઈ છે. જેથી અન્ય જાહેરાતો માટે ફોર્મ ભરવા માંગતા ઉમેદવારો ભારે પરેશાન થઈ ગયા અને સાઈટ હેંક હોવાથી કોઈપણ જાતના ફોર્મ ભરી સકાતા નથી અને પોસ્ટમાં ભરવામાં આવતા ચલણ માટેના પણ લેટર નિકાળી શકતા નથી અને આજે ફોરેસ્ટ આસિસન્ટન્ટ અને મુખ્ય કલાર્કની ફોર્મ ભરવાની અંતિમ તારીખ છે ત્યારે છેલ્લા પાંચ દિવસથી સર્વર ડાઉન થતા હજારો ઉમેદવારો આ ફોર્મ ભરવા ટળવળી રહ્યા છે તો કલાકો સુધી કોમ્પ્યુટર આગળ બેસી રહે છે અથવા જ્યાં ફોર્મ ફરી આપવામાં આવે છે ત્યાં કલાકો સુધી રાહ જુએ તો બીજી તરફ પોસ્ટમાં પણ ચલણ ભરવાની અંતિમ તારીખ હોવાથી શહેરની પોસ્ટ ઓફિસમાં પણ આજે ભારે ભીડ જોવા મળી હતી. આ ઓનલાઈન સિસ્ટમ ખોરવાઈ જતા હાલ ઉમેદવારો પરેશાન થઈ ગયા છે. અને ભરતી બોર્ડ દ્વારા તાત્કાલિક ધોરણે આ પરિસ્થિતિનું નિવારણ લાવવા પગલા લેવાય અને જે તે જાહેરાત સંદર્ભે અંતિમ તારીખ વિતી ગઈ હોય તો વધુ બે-ત્રણ દિવસ ફોર્મ ભરવા માટે આપવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે જેથી કેટલાકનું ડુબતુ ભવિષ્ય બચી જશે તેમ ઈચ્છી રહ્યા છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૯
સૂર્યાસ્ત : ૬.૩૮

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે. લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૬૧ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હિરોઈન : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
બર્ફી: ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
હિરોઈન : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૪૫, ૭.૪૫, ૧૦.૪૫
: સ્ક્રીન-૪ :
બર્ફી : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦, ૧૦.૪૫
: સ્ક્રીન-૫ :
બર્ફી : ૧૧.૦૦, ૨.૦૦
હિરોઈન : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
હિરોઈન: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૨ :
હિરોઈન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
બર્ફી :૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
હિરોઈન : ૮.૧૫, ૮.૧૫
બર્ફી : ૧૧.૧૫, ૫.૧૫, ૮.૧૫
રાઝ-૩ રડી : ૨.૧૫

### સૂર્યા, વાવોલ

હિરોઈન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હમસે ન ટકારાના : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હિરોઈન: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હિરોઈન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૧૦.૪૫, ૭.૧૫, ૧૦.૧૫
રાઝ -૩ : ૨.૦૦, ૪.૩૦

### ચિરાગ, કલોલ

હિરોઈન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- કલ્ચરલ ફૉરમ ગાંધીનગર દ્વારા પ્રસ્તુત નાટક 'તુ લાજવાબ છે' રાત્રે ૯.૩૦ કલાકે

### ધાર્મિક

- ગણેશ મહોત્સવ નિમિતે ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવ ભુવનેશ્વર મંદિર, સેકટર-૬/ડી, ખાતે રાત્રે ૯.૦૦ કલાકે, સુંદરકાંડ પાઠનું આયોજન.
- ગણેશ મહોત્સવ નિમિતે શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સેકટર -૨૨ના રંગમંચ ખાતે બપોરે ૨.૦૦ કલાકે, શ્રી ગણેશષ ભગવાનની પૂજા-આરતી થયા બાદ શોભાયાયાત્રા તથા ઈન્દીરા બ્રીજ પાસે સાબરમતી નદીના પટમાં વિધીવત વિસર્જન કરવામાં આવશે.

## આપની આજ

**મેષ** : શિક્ષા, સ્નેહીજનો અને મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે સાથે તેમનો સાથ સહકાર પણ મળી રહેશે. વેપારક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**વૃષભ** : આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન થઈ શકે છે. સમયનો સદુઉપયોગ આકાંક્ષાઓની પૂર્તિ થતી જણાય. સ્વાધ્યાયમાં રુચિ વધશે.

**મિથુન** : કોર્ટ- કચેરીના કેસોમાં ઉકેલ આવતો જણાય. વિદ્યાર્થી પોતાના મહેનતથી આગળ વધશે. વ્યાપાર- વ્યવસાયમાં વૃદ્ધિના થઈ શકે છે. વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત મળી શકે છે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં સફળતા પ્રાપ્ત મેળવી શકશો.

**સિંહ** : ધાર્મિક કાર્યો તરફ તમારી આસ્થામાં વધારો થશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલ લાવવો હિતકારી રહેશે.

**કન્યા** : વેપાર- વ્યવસાયમાં નવીન કાર્યયોજનાનો યોગ પ્રબળ બનકો જણાય.આજે પ્રેમ સંબંધોમાં સફળતા મેળવી શકશો. કુટુંબમાં શાંતિનું વાતાવરણ બની રહેશે.

**તુલા** : પદ- પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વધારો થઈ શકે છે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થઈ શકે છે. કલાત્મક ક્ષેત્રમાં જોડાયેલા વ્યક્તિઓને કાર્યમાં સફળતા મળી શકે છે.

**વૃશ્ચિક** : આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન થઈ શકે છે. કુટુંબમાં માંગલિક કાર્ય થઈ શકે છે. આવક કરતાં ખર્ચ વધી ન જાય તેની કાળજી રાખવી.

**ધન** : માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

**મકર** : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મળવાની સંભાવના છે. નવી યોજનાઓ વિચાર વિર્મશ થઈ શકે છે. જીવનમાં નિરાશાનો આભાસ થતો જણાય.

**કુંભ** : નોકરીમાં અધિકારીઓથી વિવાદ થઈ શકે છે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થશે. સામાજિક અને રાજકીયક્ષેત્ર માન-સન્માન, પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.

**મીન** : કૌટુંબિજનો સાથે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. દૈનિક વ્યાપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે. વિવાદમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

## ચિરવિદાય

- સ્વ.બળદેવજી કાન્તીજી ઠાકોર (ઉ.વ. ૩૫) મુ.પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.